# કિસ્તવારમાં સાંપ્રદાયિક હિંસા ભડકતાં સ્થિતિ વિસ્ફોટક

શ્રીનગર,તા.૧૧

જમ્મુ કાશ્મીરના કિસ્તવારમાં સાંપ્રદાયિક હિંસા વધુ



ભડકી ઉઠતાં સ્થિતિ ખૂબ જ વિસ્ફોટક બની ગઈ છે. સાંપ્રદાયિક હિંસામાં ત્રણ લોકોના મોત થયા બાદ આજે સવારે જમ્મુ કાશ્મીરના ઉધમપુર, સામ્બા અને કથુઆ જિલ્લામાં પણ અચોક્કસ મુદતની સંચારબંધી લાદી દેવામાં આવી હતી. ઉધમપુર, રાજોરી અને જમ્મુ જિલ્લામાં સંચાર બંધીના લીધે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સાવચેતીના પગલાં રૂપે આ વિસ્તારોમાં સંચારબંધી લાદવામાં આવી છે. શનિવારે મોડી રાત્રે રાજોરી અને જમ્મુ જિલ્લામાં સંચારબંધી લાદી દેવામાં આવી હતી. કિસ્તવારમાં કોમી હિંસામાં બે લોકોના મોત અને ૨૦ લોકો ઘાયલ થઈ ગયા બાદ આ વિસ્તારમાં નવી હિંસાના કોઈ અહેવાલ મળ્યા નથી પરંતુ સંચારબંધી લાદી દેવામાં આવી છે. કિસ્તવારમાં જનજીવનની સાથે સાથે ટ્રેન સેવાને પણ માઠી અસર થઈ છે. કોંગ્રેસના સાંસદો દ્વારા કિસ્તવારમાં થયેલી સાંપ્રદાયિક હિંસામાં સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી છે.

ડીવીઝનલ કમીશનર શાંતમાનુએ કહ્યું છે કે બે દુકાનો અને બે વાહનોને આગ ચાંપી દેવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જમ્મુ જિલ્લાના ન્યૂપ્લોટ વિસ્તારમાં આ બનાવ બન્યા હતા. આ બનાવ બાદ જમ્મુ જિલ્લામાં સંચાર બંધી લાદી દેવામાં આવી હતી. શનિવારના દિવસે જમ્મુમાં સ્થિતિ વણસી જતાં ટિયર ગેસના સેલ છોડવામાં આવ્યા હતા. લાઠી ચાર્જ પણ કરવામાં આવ્યો હતો. જમ્મુ અને આસપાસના વિસ્તારોમાં દેખાવો થયા હતા. રાજુલીના પોલીસ અધિકારીનું કહેવું છે કે કોમી તંગદિલી પ્રવર્તી રહી છે. કિસ્તવાર જિલ્લામાં પથ્થરમારાના ગઈકાલે બનાવો બન્યા હતા જેથી તકેદારી વધારી દેવામાં આવી હતી. રાજ્ય પોલીસના વડા અશોકપ્રસાદે શુક્રવાર બાદથી જ જિલ્લામાં સુરક્ષાની જવાબદારી સંભાળી લીધી છે. નાગરિક અને સેનાના સત્તાવારાઓ વચ્ચે સંકલન જાળવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. કિસ્તવારમાં સાંપ્રદાયિક હિંસા શુક્રવારે ભડકી ઉઠ્યા બાદ જમ્મુ અને આસપાસના વિસ્તારોમાં જનજીવન ખોરવાઈ ગયું છે. કારણ કે ૪૮ કલાકના બંધની હાકલ કરાઈ હતી. જમ્મુ કાશ્મીર હાઈવેને પણ બંધ કરવામાં આવ્યો હતો. ભાજપ, બજરંગદળ અને વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરોની ટુકડીએ જમ્મુ શહેરમાં માર્ચ યોજીને કિસ્તવાર હિંસાનો વિરોધ કર્યો હતો.

## સરહદ ઉપર પાકિસ્તાન દ્વારા ફરી વખત ભીષણ ગોળીબાર

જમ્મુ,તા.૧૧

પાકિસ્તાની સેના દ્વારા બિનઉશ્કેરણીજનક રીતે ગોળીબાર કરીને સરહદ ઉપર તંગદિલી વધારવામાં આવી છે. પાકિસ્તાની સૈનાએ સતત ગોળીબારનો દોર જારી રાખ્યો છે. આજે સવારે જમ્મુના કનાચક વિસ્તારમાં સરહદ સુરક્ષાદળ (બીએસએફ)ની બે ચોકીઓ ઉપર પાકિસ્તાની સૈનિકોએ ભારે ગોળીબાર કર્યો હતો જેમાં બીએસએફના એક જવાનને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ ગોળીબાર આજે સવારે ૮.૩૦ વાગે જમ્મુમાં આલ્ફા પોસ્ટ નજીક થયો હતો. પાકિસ્તાની સૈનિકોએ આક્રમક વલણ અપનાવ્યું છે. પૂંચમાં અંકુશ રેખા ઉપર તેના સૈનિકો દ્વારા કરાયેલા છૂપા હુમલામાં પાંચ ભારતીય સૈનિકોના મોત થયાના પાંચ દિવસ બાદ જ પાકિસ્તાને આક્રમક વલણ અપનાવેલું છે. પાકિસ્તાની સૈનિકોએ શુક્રવારે રાત્રે પણ ભારતીય ચોંકીઓ ઉપર સાત કલાક સુધી ગોળીબાર કર્યો હતો. ૭૦૦ રાઉન્ડ ગોળીબાર કરાયો હતો. મોર્તારનો મારો પણ ચલાવવામાં આવ્યો હતો. અલબત્ત સરહદ પારથી કરવામાં આવેલા ગોળીબારમાં કોઈનું પણ મોત થયું ન હતું પરંતુ ભારતીય સૈનાએ તાજેતરના સમયમાં સૌથી મોટા યુદ્ધ વિરામના ભંગ તરીકે આને ગણાવીને આની ટીકા કરી હતી. પાકિસ્તાની સૈનિકોએ ગઈકાલે મોડી રાત્રે પણ પૂંચ જિલ્લામાં દુર્ગા બટાલીયન વિસ્તારમાં અંકુશ રેખા ઉપર બિનઉશ્કેરણીજનક રીતે ગોળીબાર કર્યો હતો. સરંક્ષણ પ્રવક્તા એસ એન આચાર્ય દ્વારા જણાવવામાં આવ્યું છે કે ભારત અને પાકિસ્તાની સૈના વચ્ચે તંગદિલી વધી રહી છે. છઠ્ઠી ઓગસ્ટના દિવસે ભારતીય પ્રદેશની અંદર પાકિસ્તાની સૈનિક ઘૂસી ગયા હતા અને છૂપો હુમલો કર્યો હતો. એન્ટોની પણ કહી ચૂક્યા છે કે પાકિસ્તાની સૈનિકોની સાથે સાથે આતંકવાદીઓ પણ સામેલ રહ્યા છે.

## ૨૦૦૮ જેવી સ્થિતિ સર્જવાનો ભાજપ દ્વારા પ્રયાસો : ઓમર

શ્રીનગર,તા. ૧૧

જમ્મુ-કશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આગામી વર્ષે યોજાનારી સંસદીય ચુંટણી અને રાજ્ય વિધાનસભાઓની ચુંટણી ઉપર ધ્યાન કેન્દ્રીત કરીને લોકોને પ્રભાવિત કરવા તથા વસ્તીના ધ્રુવીકરણના હેતુસર કિસ્તવારમાં પરિસ્થિતિને ભડકાવવાના પ્રયાસો કરવાનો ભાજપ ઉપર આજે આક્ષેપ કર્યો હતો. ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે, હિંસામાં સામેલ તત્વો સામે કઠોર પગલા લેવામાં આવી રહ્યાં છે. શુક્રવારના દિવસે હિંસા ભડકી ઉઠી હતી. અફવાઓ તરફ ધ્યાન ન આપવા ઓમર ઉબ્દુલ્લાએ લોકોને અપીલ કરી છે. તેમણે એમપણ કહ્યું છે કે, સરકારે કોઈપણ



રાજકીય પક્ષ અને નેતાઓને હાલમાં હિંસાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત ન લેવા કહ્યું છે. મુખ્યપ્રવાહ અથવા અલગતાવાદીઓથી હાલ સંપર્ક ન કરવા કહેવામાં આવ્યું છે. આનાથી સ્થિતિને સુધારવામાં મદદ મળશે.રાજકીય પક્ષો અને નેતાઓને હિંસાગ્રસ્ત વિસ્તારોમાં મુલાકાતની મંજુરી આપવાથી સ્થિતિ વણસી શકે છે. અરુણ જેટલીના પ્રશ્ને ઓમરે કહ્યુંહતું કે, જમ્મુ વિમાની મથકે જેટલીની અટકાયત કરવામાં આવી હતી. કારણકે તેઓ પરિસ્થિતિની સમીક્ષાકરવા કિસ્તવાર જઈ રહ્યા હતા. ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે, લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ સાથે તેઓવાતચીત કરી ચુક્યા છે. કોઈપણ રાજકીય પક્ષના નામના ઉલ્લેખ કર્યા વગર ઓમરે કહ્યું હતું કે, જમ્મુ પ્રદેશમાં ધ્રુવીકરણ માટેના પ્રયાસો રાજકારણીઓ દ્વારા કરાઈ રહ્યા છે. વર્ષ ૨૦૦૮માં અમરનાથ જમીન વિવાદ આંદોલન જેવી સ્થિતિ સર્જાવવાના પ્રયાસ થઈ રહ્યા છે.

## ચીન અને પાક સામે કોંગ્રેસે લાલ આંખ કેમ કરી નથી : મોદીનો પ્રશ્ન

હૈદરાબાદ,તા.૧૧

વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચુંટણી માટે ભાજપના ચુંટણી પ્રચારનું રણશિંગુ ફુંકતા ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના ચુંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદીએ આજે તમામ મુદ્દાઓ ઉપર કેન્દ્રની યુપીએ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર તમામ મોર્ચે ફ્લોપ સાબિત થઈ છે. લોકો યુપીએ સરકારથી ત્રાસી ગયા છે અને કોંગ્રેસ સરકારમાંથી મુક્તિ ઈચ્છે છે. હૈદરાબાદમાં શાસ્ત્રી સ્ટેડીયમમાં મોદીએ લાખોની સંખ્યામાં હાજરીમાં યુથ રેલીને સંબોધન કર્યુ હતું. મોદીએ તેમના સંબોધનમાં મુખ્ય રીતે દેશની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને યુપીએ પર મારો ચલાવ્યો હતો. મોદીએ ચીન અને પાકિસ્તાન દ્વારા તાજેતરમાં કરાયેલી ઘુસણખોરીની વાત કરતા કહ્યું હતું કે, પાકિસ્તાન અને ચીનની અવળચંડાઈ ઉપર કેન્દ્ર સરકાર મૌન કેમ છે, આ બન્ને દેશોને લાલ આંખ કરીને કેમ કડક શબ્દોમાં સુચના આપવામાં આવી નથી.દેશની સુરક્ષા સામે બાંધછોડ કરવાથી લોકો સરમની સ્થિતિમાં મુકાઈ ગયા છે. શાસ્ત્રી સ્ટેડીયમમાં અભુતપુર્વ સુરક્ષા વ્યવસ્થાની સ્થિતિમાં મોદીએ એક ખૂબ જ શરમજનક બાબત છે. વોટબેંક મામલે સુરક્ષા સાથે બાંધછોડ થઈ રહી છે. બાંગ્લાદેશમાંથી પણ ઘુસણખોરી વધી ગઈ છે.





પછી એક પ્રહારો કર્યા હતા. એલઓસી પર જવાનોની હત્યાનો મુદ્દો ઉઠાવીને મોદીએ કહ્યું હતું કે, પાકિસ્તાનને કઠોર પગલા લઈને બોધપાઠ ભણાવવાને બદલે પ્રોટોકોલના નામે રાજસ્થાનમાં પાકિસ્તાનીઓ સાથે પાર્ટી મનાવવામાં આવી રહી છે.બીજી બાજુ ચીનની ઘુસણખોરી અંગે સાફ શબ્દોમાં તેને તેના કૃત્યો અંગે વાત કરવાના બદલે બેઝીંગની પ્રશંસા થઈ રહી છે જે નાગરિકોનેસુરક્ષા ઉપલબ્ધ કરવવામાં યુપીએ સરકાર નિષ્ફળ ગઈ છે. ચીનની પ્રશંસા કરનાર નેતાઓને ડુબી મરવાની જરૂર છે. કોંગ્રેસે ૬૦ વર્ષ સુધી લોકોને ગરીબ જ રાખ્યા છે. કાશ્મીરમાં હાલ પ્રવર્તી રહેલી વિસ્ફોટક સ્થિતિનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, કિસ્તવારની ઘટનાને નાનકડી ગણવામાં ન આવે. હજારો દુકાનોને નુકશાન પહોંચાડવામાં આવી રહ્યું છે. કાશ્મીરમાં અશાંતિ માટે જવાબદાર કોણ છે તેવો વળતો પ્રશ્ન પણ કર્યો હતો. રાજ્યસભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલી કિસ્તવારમાં પ્રવર્તી રહેલી સ્થિતિની સમીક્ષા કરવા માટે કાશ્મીર પહોંચ્યા હતા પરંતુ જમ્મુ વિમાની મથકે જ તેમને રોકી લેવામાં આવ્યા હતા. મોદીએ એમ પણ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે લોકોનો વિશ્વાસ તોડી દીધો છે. દેશમાં અત્યારે વિશ્વાસનું સંકટ તોડાઈ રહ્યું છે. દિલ્હીની સત્તા પરથી લોકોને વિશ્વાસ ઉઠી ગયો છે. હૈદરાબાદમાં તેલંગાણાનો મુદ્દો પણ મોદીએ ઉઠાવ્યો હતો. તેમણે ઉમેર્યુ હતું કે, કોંગ્રેસે ભાગલા પાડો અને રાજ કરોની નિતી અપનાવી છે. આંધ્રપ્રદેશ અને તેલંગાણાના લોકો આમને સામને આવી ગયા છે. બે ભાઈઓને લડાવવાનું કામ કોંગ્રેસ કર્યુ છે.

સરકારને દેશને સમસ્યાઓની ચિંતા નથી. ભૂતપુર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ પણ રાજ્યોની રચના કરી હતી. પરંતુ એ વખતે જ્યારે રાજ્યો બન્યા ત્યારે મીઠાઈઓં વહેંચવામાં આવી હતી. જ્યારે હાલમાં હિંસા ભડકી ઉઠી છે.

## ચોક્કસ પરિસ્થિતિમાં મોદીને ટેકો અપાશે : અજય ચોટાલા

અંબાલા,તા. ૧૧

ભારતીય રાષ્ટ્રીય લોકદળના નેતા અભય ચોટાલાએ કહ્યું છે કે તેમની પાર્ટી આગામી સામાન્ય ચૂંટણી માટે ભાજપ સાથે કોઈ જોડાણ કરશે નહીં પરંતુ જો જરૂર પડશે તો વડાપ્રધાન પદના હોદ્દા માટે બિનશરતી રીતે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ટેકો આપશે. પત્રકારો સાથે વાતચીત કરતા ચોટાલાએ કહ્યું હતું કે આઈએનએલડી ભાજપ સાથે આગામી લોકસભાની ચૂંટણીમાં



ભાજપ સાથે કોઈ રાજકીય જોડાણ કરશે નહીં પરંતુ નરેન્દ્ર મોદીને સાંસદોના ટેકાની જરૂર પડે તેવી સ્થિતિ સર્જાશે તો આ પક્ષ વડાપ્રધાન પદના હોદ્દા માટે તેમને બિનશરતી રીતે ટેકો આપશે. તેમણે એમ પણ કહ્યું હતું કે જો કુલદીપ બિસ્નોઈના નેતૃત્વમાં હરિયાણા જનહિત કોંગ્રેસ અપક્ષ સાથે મર્ચ થઈ જશે તો પણ ભાજપ સાથે કોઈ જોડાણ કરશે નહીં. એક પ્રશ્નના જવાબમાં તેમને ઉમેર્યું હતું કે તેમની પાર્ટી સત્તાથી કોંગ્રેસને દૂર કરવા માટે તમામ પ્રયાસ કરશે. જો તેની ચળવળમાં અન્ય કોઈ રાજકીય પાર્ટી જોડાશે તો આઈએનએલડી તેમનું સ્વાગત કરશે. આઈએનએલડીના વડા ઓમપ્રકાશ ચોટાલાની સામે સીબીઆઈના દુરુપયોગના કોંગ્રેસ પર ચોટાલાએ આક્ષેપ કર્યા હતા અને કહ્યું હતું કે ચોટાલાએ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાને ગેરકાયદે જમીનની ફાળવણીનો વિરોધ કર્યો હતો. ચોટાલાએ દાવો કર્યો હતો કે આઈએનએલડીના વડાને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. કારણ કે તેઓ એવી જાહેરાત કરી ચૂક્યા છે કે જો હરિયાણામાં ભારતીય રાષ્ટ્રીય લોકદળ સત્તામાં આવશે તો ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવશે. અગાઉ પક્ષના કાર્યકરોને સંબોધતા ચોટાલાએ સેઝ સ્થાપિત કરવા માટે ખેડૂતોની જમીન ગેરકાયદે રીતે મેળવી લેવા રાજ્ય સરકાર ઉપર આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે ખેડૂતો પાસેથી જમીનો લઈને બિલ્ડરોને વેચવામાં આવી રહી છે.

## વર્તમાન સ્વરૂપમાં ફૂડ બિલનો વિરોધ કરાશે

ચેન્નઈ,તા. ૧૧

ડીએમકેના વરિષ્ઠ નેતા કરુણાનિધિએ આજે કહ્યુંહતુંકે, તેમનો પક્ષ વર્તમાન સ્વરૂપમાં ફૂડ બિલનો જોરદાર વિરોધ કરશે. યુપીએના મહત્વકાંક્ષી ફુડ સિક્યોરિટી બિલના મામલે પોતાનું વલણ સ્પષ્ટ કરતાં કરુણાનિધિએ કહ્યું હતું કે, વર્તમાન સ્વરૂપમાં આ બિલનો વિરોધ કરવામાં આવશે. જુદા-જુદા રાજકીય પક્ષો દ્વારા મહત્વપૂર્ણ સુધારાઓની માંગ કરવામાં આવી ચુકી છે. અમે પણ આમાં સુધારો ઈચ્છીએ છીએ. પક્ષ પ્રમુખ કરુણાનિધિએ કહ્યું હતું કે, જો કેન્દ્ર સરકાર વર્તમાન સ્વરૂપમાં આ બિલને રજુ કરશે તો અમે વિરોધ કરશું. આ બિલમાં ચોક્કસ સુધારાઓ અતિજરૂરી બની ગયા છે. આ મુદ્દે ડીએમકેને તમિલનાડુના મુખ્યમંત્રી જયલલીતા દ્વારા કરવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, તેમના પક્ષના સંસદીય નેતા ટીઆર બાલુ ૭મી ઓગસ્ટના દિવસે સંસદમાં જરૂરી સુધારા કરી ચુક્યા છે. ડીએમકે કયા સુધારા ઈચ્છે છે તે અંગે પુછવામાં આવતા કરુણાનિધિએ કોઈ વાત કરી નહતી. આ મુદ્દે પક્ષનું વલણ બિલકુલ સ્પષ્ટ છે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

"પગે લાગ્યાં જયારે, કર કમળથી દુ:ખ હરતી,
રડે તોયે કેવું! જળની મટકી, જેમ ઝવતી,"

**(ભરત પાઠક 'નયન')**

"માડી અમને નવરાવી ચીર-ડિલ ચોખ્ખાં કર્યા,
માડી તે' તો સમજણના નીર ક્ષીર નોખાં કર્યા,
માડી તારાં મમતાની નીર ઉરમાં છલીરે ઉઠ્યાં,
માડી તેં તો હે તે રે ઉજેરી નગરના ચોક રે મૂક્યા."

**(ભરત કવિ 'ઉર્મિલ')**

'મા, તું માનસરોવર' ભાગ-૧-૨ માં આપણને ગુજરાતી સાહિત્યના ખુબ જ જાણીતા, માનીતા અને લબ્ધ પ્રતિષ્ઠિત એવા કવિઓ ઉમાશંકર જોષી, ઝવેરચંદ મેઘાણી, રમેશ પારેખ, સુંદરમ્, નરસિંહ રાંદેરી, સુંદરજી બેટાઇ, જયન્ત પાઠકની સાથે સાથે ધીરૂબેન પરેલ, આદિલ મન્સૂરી, રાજેશ વ્યાસ 'મિસ્કીન', કૃષ્ણ દવે, રશીદ મુનશી, સરૂપ ધ્રુવ, હરદ્વાર ગોસ્વામી, જલન માતરી, ડો. એસ.એસ. રાહી, ગુલામ અબ્બાસ 'નાશાદ' ભગીરથ બ્રહ્મભટ્ટ, ડો. વિરંચી ત્રિવેદી, સંપાદક 'બેઝાર' ની રચનાઓ પણ રાજી કરી દે તેવી છે.

મા, તું માનસરોવર ભાગ-૧-૨ ના સંપાદક હસમુખ ભાઇ ઓચ્છવલાલ શાહ 'બેઝાર' સાસ્તાપુરી નો જન્મ તા. ૭-૭-૧૯૪૫ ના સાસ્તાપુર ખાતે થયો હતો. બી.એ. સુધી અભ્યાસ કરનાર તેઓ વ્યવસાયે શિક્ષણ સાથે સંકળાયેલા નિવૃત્ત આચાર્ય છે. તેમનાં પ્રકાશનોમાં ભીનું એકાન્ત (કાવ્ય સંપાદન) મહાકવિ ન્હાનાલાલ પરિચય પુસ્તીકા વિ. છે. આ સુંદર સંપાદન બદલ તેમને અભિનંદન પાઠવું છું.

**મા, તું માન સરોવર ભાગ-૧-૨**
**સંપાદક : હસમુખ શાહ, 'બેઝાર' સાસ્તાપુરી**
**પ્રકાશક : હાર્મોનિકા પ્રકાશન, ૧૦૧, મધુવન એવન્યુ, પ્રજાપતિ પાર્ક પાસે, ડો. જીવરાજ મહેતા હોસ્પિટલ માર્ગ, વાસણા, અમદાવાદ**
**કિંમત : સદ્ભાવ મૂલ્ય ૭૫ + ૭૫, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૩**

## ડોલર સામે રૂપિયો સ્થિર રહે તેવી પ્રબળ શક્યતા

નવી દિલ્હી,તા. ૧૧

ડોલરની સામે રૂપિયામાં આ સપ્તાહમાં થોડીક રાહત રહે તેવી શક્યતા છે. રીઝર્વ બેંક દ્વારા તાજેતરમાં લેવામાં આવેલા પગલાની સીધી અસર રૂપિયા પર જોવા મળી શકે છે. રૂપિયાની સ્થિતીમાં સુધારો થવા માટે અન્ય કેટલાક પરિબળો પણ દેખાઈ રહ્યા છે. જેમાં સરકાર દ્વારા વિદેશી રોકાણને આકર્ષિત કરવા માટે વધુ પગલા લેવાના વચનનો સમાવેશ થાય છે. રીઝર્વ બેંકે દરેક સોમવારે ૨૨૦૦૦ કરોડના કેશ મેનેજમેન્ટ બિલને વેચવાની જાહેરાત કર્યા બાદ તેના કારણે પણ ફાયદો થઈ શકે છે. આ સપ્તાહ દરમિયાન ડોલરની સામે રૂપિયો સ્થિર રહી શકે છે. વધારાના પગલા લેવામાં આવી શકે છે. વિદેશી હુંડિયામણ માર્કેટમાં સ્થિરતા લાવવા માટે કેટલાક પગલા લેવાંમાં આવ્યા છે. ૧૫મી જુલાઈના દિવસે રીઝર્વ બેંકે શોર્ટ ટર્મ બોરોવિંગ રેટમાં વધારો કર્યો હતો.

## શિરડી સૌથી મોંઘા સ્થળો પૈકીના એક તરીકે છે

મુંબઈ,તા.૧૧

મહારાષ્ટ્રમાં ધાર્મિક સ્થળ શિરડી દેશમાં સૌથી મોંઘા સ્થળો પૈકીના એક તરીકે છે. નવા અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. શિરડીમાં હોટલોમાં ચાર્જ ખૂબ મોંઘો થયેલ છે. ગ્લોબલ ઓનલાઈન હોટેલ સર્ચ સાઈટ



ટ્રીવાગો દ્વારા જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ઓગસ્ટ મહિનામાં શિરડી ધાર્મિક સ્થળ દેશમાં સૌથી મોંઘા સ્થળ તરીકે ઊભરી આવ્યું છે. લોકો શિરડી શહેરમાં ટૂંકા રોકાણ માટે ઓગસ્ટ મહિનામાં સૌથી વધારે પહોંચી રહ્યા છે. શિરડી સૌથી મોંઘા સ્થળ તરીકે ઊભરી આવ્યું છે. હોટેલમાં સરેરાશ ખર્ચ શિરડીમાં પ્રતિ રાત્રે ૮૪૧૧ રૂપિયા છે. જો કે હોટલના રેટ જુલાઈ મહિનાની સરખામણીમાં પાંચ ટકા ઘટાડી દેવામાં આવ્યા છે. બીજી બાજુ કર્ણાટકમાં કુર્ગ ઓગસ્ટ મહિનામાં બીજા સૌથી મોંઘા સ્થળ તરીકે ઊભરી આવ્યું છે. અહીં એક રાત્રી રોકાવા માટે સરેરાશ કિંમત ૭૨૮૯ રૂપિયા છે. કુર્ગમાં પણ છેલ્લા મહિનાની સરખામણીમાં હોટલ રેટમાં ૧૫ ટકાનો ઘટાડો થયો છે. ત્રીજા નંબરમાં રાજસ્થાનના ઉદયપુર છે. અહીં ઓવર નાઈટ રોકાવાનો ચાર્જ સરેરાશ ૬૧૬૮ રૂપિયા છે. મોનસૂનની સિઝન દરમિયાન મુલાકાત લેવા સૌથી મોંઘા સ્થળની યાદીમાં ઉદયપુર ત્રીજા ક્રમાંકે છે. હિમાચલમાં હિલ સ્ટેશન શિમલા ચોથા સ્થાને જ્યારે હિમાલયમાં સ્થિત કોરબેક નેશનલ પાર્ક પાંચમાં સ્થાને છે. શિમલામાં હોટલના રેટમાં આ મહિનામાં જુલાઈની સરખામણીમાં વધારો થયો છે.

## બિહારના બે મંત્રીને અંતે શોકોઝ નોટિસ

નવી દિલ્હી,તા. ૧૧

અંકુશરેખા પર શહિદ થયેલા જવાનોના મામલે વિવાદાસ્પદ સુચનો કરવા સામે જોરદાર વાંધો ઉઠાવી જનતા દળ યુનાઈટેડે આજે તેના બે બિહાર પ્રધાનોને કારણ દર્શક નોટિસ ફટકારી હતી. તેમની સામે પગલા કેમ લેવામાં ન આવે તે અંગે ખુલાસો કરવા આ બન્ને પ્રધાનોને કારણ દર્શક નોટિસમાં પ્રશ્ન કરવામાં આવ્યો છે. બિહારના બે પ્રધાનોના શહિદ થયેલા જવાનોના મામલે નિવેદનના કારણે જેડીયુને હાલમાં ભારે નારાજગીનો સામનો કરવો પડ્યો છે.

ભાજપ સહિતના રાજકીય પક્ષોએ નીતીશ કુમાર સરકારની ઝાટકણી કાઢીને તેમના રાજીનામાની માંગણી પર કરી હતી. ગ્રામીણ વિકાસ પ્રધાન ભીમસિંહ અને કૃષિ પ્રધાન નરેન્દ્રસિંહને જુદી જુદી રીતે નોટિસ ફટકારીને પક્ષપ્રમુખ શરદ યાદવે કહ્યું છે કે, તેમના નિવેદન પોલીસી, શિસ્ત, ધારા ધોરણની વિરોધમાં છે.

### 'આજની પાઉં-ભાજી ઘરે' (પાના નં. ૪ નું ચાલુ)

બીજે દિવસે સવારે 'ઉઠો ઉઠો જમાઇરાજ, કહેતા જમાઇરાજને ઉઠાડે છે. આજે ઉઠવામાં કેમ આટલું મોડું કર્યું છે. ઓફિસે નથી જાઉ. જુઓ જલ્દીથી નાહી-ધોઇ લો, આજે એ તમારે માટે ભાવતો નાસ્તો 'ઉપમા' બનાવે છે. તેથી જલ્દીથી નાસ્તાના ટેબલ ઉપર આવી જાવ. અનંતરાય નાહી-ધોહી, નાસ્તાના ટેબલ ઉપર આવી જાય છે, સામે સાસુજી બેઠા હોય છે. અનંતરાય નાસ્તો કરતાં કરતાં કંઇ વાંચતા હોય છે તેથી શું વાંચો છો જમાઇ રાજ? કોઇનો પક્ષ આવ્યો છે?'

હા, અલ્કાનો પત્ર આવ્યો છે. લખે છે કે ટ્રેનિંગ પુરી થઇ ગઇ છે પરંતુ બધાએ અમદાવાદની આજુબાજુ આવેલ સ્થળો જોવા માટે અઠવાડિયાની રજા લીધી છે.

ઓ...હો..હો.. તેમાં શું ચિંતા કરો છો, હું અઠવાડિયું રોકાઇ જઇશ.

અલ્કો એમ જ લખ્યુ છે, આમ સાસુજીનું રોકાણ અઠવાડિયા માટે થાય છે. ઓફિસમાં અનંતરાય તેના મિત્રને આ વાત કરે છે કે સાસુમા એક અઠવાડિયું રોકાવાના છે જેથી તેઓ જલ્દીથી પાછા ફરે તેવું કંઇ વિચારે? મિત્ર આખરે મદદે આવે છે અને નક્કી થાય છે કે જો સાસુમા પ્લાન પ્રમાણે પાછા ફરે તો ઇનામમાં પાઉં-ભાજી ખવડાવવી, અનંતરાય મંજૂર કરે છે અને મિત્રને બે પ્લેટ પાઉં-ભાજી ખવડાવવાનો સોદો નક્કી થાય છે અને પ્લાનનો અમલ બે-ત્રણ દિવસમાં થશે એમ મિત્રને આશ્વાસન આપ્યું તે દરમિયાન, અનંતરાય, સાસુજીને ભાવનગરના જોવા લાયક સ્થળો જેવા કે ગૌરીશંકર લેઇક, તખતેશ્વર મહાદેવ, ઘોઘા બંદર, ફૂલસર પાસે આવેલ 'થ્રી ઇન વન' ટોકીઝ વિગેરે સ્થળે ફેરવે છે.

એક દિવસ અનંતરાય સર્વીસે જવાની તૈયારી કરતાં હોય છે. તે સમયે કોઇ 'અનંતરાય ઓ અનંતરાય' એમ બુમો પાડતાં હોય છે. સાસુજી બારણું ખોલે છે અને આગતુંક ઘરમાં આવી, અનંતરાયને જાણ કરે છે કે તમારા સસરાને પડી જવાથી પગે ફ્રેંકચર થયું છે. આ સાંભળી રસોડામાંથી સાસુજી બહાર આવે છે અને અનંતરાયને કહે છે કે તમારા સસરા પડી ગયા છે અને પગે ફ્રેંકચર થયું છે તેથી હવે મારે શિહોર જવું જોઇએ આજે બપોરે જ હું નીકળી જઇશ. તમે ચિંતા કરતાં નહિ.

આ સંવાદ થયા પછી, અનંતરાય સર્વીસે જાય છે અને બપોરના મિત્રને લઇને ઘરે આવે છે, સાસુજી ગયાના વહેમમાં, મિત્ર સાથે થયેલ પ્લાન મુજબ સાંજના બહાર પાઉં-ભાજી ખાવા જવાની વાતચીત કરે છે તે સાંભળી રસોડામાંથી કુદકો મારી સાસુજી બહાર આવી, હસ્તા-હસતાં કહે છે કે મને ખબર હતી કે મને અહીંથી ભગાડી મુકવાનો તમે પ્લાન કર્યો છે પરંતુ હું એમ જાઉં એમ નથી. હું તો અલ્કા સાથે પછી જ જઇશ, તમારે પાઉં-ભાડી માટે બહાર જવું નહિ પડે કારણ કે 'આજની પાઉં-ભાજી ઘરે'

## સમાચાર ઝલક

- ઇરાકમાં બોમ્બ વિસ્ફોટથી ૬૦ લોકોનાં મૃત્યુ.
- ઇથોપિયામાં વિમાનનો અકસ્માત, પાંચ વ્યક્તિઓનાં કરૂણ મોત.
- દિલ્હીમાં વીજદર વધારા સામે ભારતીય જનતા પાર્ટીની રેલી-દેખાવો.
- જમ્મુમાં વિશ્વ હિન્દુ પરિષદ, શીવસેના, બરંજગ દળ સહિત અન્યનાં દેખાવો ચાલું, કાશ્મીરમાં મોટા ભાગમાં જિલ્લામાં સંચારબંધી, ઇન્ટરનેટ સેવાઓ બંધ.
- ભારતના કાશ્મીર સરહદે પાકિસ્તાનનો ગોળીબાર, બી.એસ.એફ.નો એક જવાન ઇજાગ્રસ્ત.
- એલીસબ્રિજમાં બાઇક સ્ટંટ કરતા ૭ નબીરાની પોલીસે ધરપકડ કરી,
- અમરેલી સૌરાષ્ટ્રમાં વરસાદ ધીમી ધારે ચાલુ...
- જમ્મુમાં અમરનાથ યાત્રા રોકી દેવાઇ...
- ભાવનગરમાં કોંગો ફીવરથી તરૂણીનું મોત.
- ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનમાં વીજ ઉત્પાદન બંધ.
- નર્મદા ડેમની સપાટી ૧૨૩ મીટરે, સહેલાણીઓનો અભૂતપૂર્વ ધસારો.
- ભારતમાં સિંહોની વસ્તી ૪૧૧, સાસણગીરમાં સિંહણે પાંચ બચ્ચાને જન્મ આપ્યો, બધા બચ્ચાં તંદુરસ્ત છે.
- જમ્મુ કાશ્મીરનાં કરફ્યુ ગ્રસ્ત વિસ્તાર કિશ્તવાડમાં ભાજપનાં અરૂણ જેટલી અને કાશ્મીર નેતા મુફ્તી મહંમદને જતાં અટકાવાયા.
- વિરમગામના ભડાણામાં આર્મી જવાનની બળાત્કારના મામલે અટકાયત.
- અંજારમાં રીક્ષા-ટ્રક વચ્ચે અકસ્માતમાં પાંચનાં કરૂણ મોત.
- રશિયામાં પ્રિ-ઓલિમ્પિક રમતોનો પ્રારંભ થયો.
- વડોદરામાં ૭ માલગાડીના વેગનો ખડી પડતાં રેલવ્યવહારને અસર થઇ.